# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત "મહિલા કૃષિ દિવસ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તથા જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરી, ખેતીવાડી ખાતુ, આણંદના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત તા. ૦૬.૦૮.૨૦૧૯, મંગળવારના રોજ કે.વી.કે., દેવાતજ ખાતે "મહિલા કૃષિ દિવસ અંતર્ગત એક દિવસીય મહિલા ખેડૂત તાલીમ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અલગ અલગ ગામના કુલ ૭૦ મહિલા ખેડૂતો તેમજ સોજીત્રા તાલુકાનાં ગ્રામસેવક સ્ટાફ મિત્રોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝ દ્વારા પરિવારની આવક વધારવામાં આગવા પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ પ્રગતિશીલ મહિલા ખેડૂત શ્રીમતી ઇલાબેન પટેલ, ગામ- ગાડા દ્વારા મહિલા સશક્તિકરણ અન્વયે તેમની સફળગાથા જણાવી જેમાં તેઓએ બહેનો પોતાના કુટુંબને આવક વધારવા કઈ રીતે મદદ થઈ શકે તે બાબતે ચર્ચા કરી હતી. મહિલાઓ બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન તેમજ ધરૂ ઉછેર થકી આર્થિક ઉપાર્જન મેળવી શકે તે બાબતે જણાવ્યુ. સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ શ્રી મોહસીન સૈયદ, મદદનીશ ખેતી નિયામક અને તાલુકા અમલીકરણ અધિકારીશ્રી, સોજીત્રા એ ખેતીવાડી ખાતાની સહાયલક્ષી યોજનાઓ વિષે ચર્ચા કરી. તેમજ પંકજભાઈ ગાયકવાડ, વેટરનરી ઓફીસર, સોજીત્રા દ્વારા પશુના સ્વાસ્થ્ય જાળવવા બાબતે વિગતવાર માહીતી આપવામાં આવી.

અંતે શ્રી સફરાજ એસ. વહોરા, વિસ્તરણ અધિકારી, સોજીત્રા દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી. ભોજન વિરામ બાદ સર્વે બહેનોને ઔષધિય પાક કૌતુકાલય તેમજ નર્સરીની મુલાકાત કરાવેલ. જેમાં કીચન ગાર્ડન બનાવી ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) તથા શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી.(ગૃ.વિ.), કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# <u>"મહિલા કૃષિ દિવસ" ની ઝાંખીઓ</u>




પુષ્પગુચ્છથી સ્વાગત



વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીનું ઉદબોધન



તાલુકા અમલીકરણ અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન



વેટરનરી ઓફીસર, સોજીત્રા દ્વારા માર્ગદર્શન



પ્રગતિશીલ મહિલાના પ્રતિભાવો



નર્સરીની મુલાકાત